સંક્ષિપ્ત સમાચાર

સેંગપુર ગામના ખેતરમાં ટીટોડીએ ઇંડાં મૂક્યાં

પ્રવીણ તેજ્યા

અંકલેશ્વર: અંકલેશ્વરના સેંગપુર ગામના એક ખેડૂતના ખેતરમાં ટીટોડીએ બે ઇંડાં મૂકતાં ગ્રામ્ય વિસ્તારમાં આગામી ચોમાસા અંગે ચર્ચાનો માહોલ સર્જાયો છે. ગ્રામ્ય પરંપરા મુજબ ટીટોડી કેટલાં ઇંડાં મૂકે છે તેના આધારે વરસાદનું અનુમાન લગાવવાની માન્યતા ખેડૂતોમાં વર્ષોથી જોવા મળે છે. ટીટોડીએ બે ઇંડાં મૂકતા સ્થાનિક ખેડૂતો ચાર મહિના દરમિયાન મધ્યમ વરસાદી માહોલ રહેવાનો અંદાજ વ્યક્ત કરી રહ્યા છે. લોકવાયકાઓ મુજબ ટીટોડી જો ખેતર અથવા ખુલ્લા મેદાનમાં ઇંડાં મૂકે તો ચોમાસું સામાન્ય રહેવાની શક્યતા માનવામાં આવે છે, જ્યારે ઊંચી જગ્યા પર ઇંડાં મૂકે તો સારા વરસાદના સંકેત માનવામાં આવે છે. જો કે, આ તમામ માન્યતાઓ પરંપરાગત અનુભવ અને લોકઅનુભવ પર આધારિત છે.

નબીપુર પાસે બે ટ્રક અથડાતાં ચાલકનું મોત

ભરૂચ: ભરૂચ જિલ્લાના વડોદરા-સુરત નેશનલ હાઇવે પર નબીપુર નજીક માંચ પાટિયા આગળ શુક્રવારે વહેલી સવારે બે ટ્રક વચ્ચે ગમખ્વાર અથડામણ સર્જાઈ હતી. આ દુર્ઘટનામાં એક ટ્રક ચાલકનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. અથડામણ એટલી જોરદાર હતી કે ટ્રકની કેબિન સંપૂર્ણ રીતે ભાંગી ગઈ હતી અને ચાલક તેમાં ફસાઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ નબીપુર પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો અને અકસ્માતનાં કારણોની તપાસ શરૂ કરી છે. આ ઘટનાને કારણે હાઇવે પર ટૂંકા સમય માટે ટ્રાફિક જામ થયો હતો, જેને બાદમાં પોલીસે હળવો કર્યો હતો.

અંબાયમાં સાપ કરડવાથી મહિલાનું મોત

વાલોડ: વાલોડના અંબાય ખાતે સાપ કરડવાથી મહિલાનું સારવાર દરમિયાન મોત થયું હતું. પ્રાપ્ત વિગત મુજબ વાલોડના અંબાય ગામે નદી ફળિયામાં રહેતાં નયનાબેન છનાભાઈ ચૌધરી તા.31/3/2026ના રોજ બપોરે 1:30 કલાકે ઘરમાં જમીન પર પરિવાર સાથે બેસેલાં હતાં, ત્યારે અચાનક ખાટલા નીચેથી આવેલા સાપે નયનાબેનના જમણા પગના ઘૂંટણમાં ડંખ માર્યો હતો. સાપે ડંખ મારતાં તેમણે નજરે જોયું હતું અને સારવાર માટે તેમને જનરલ હોસ્પિટલ વ્યારા ખાતે દાખલ કરવામાં આવ્યાં હતાં. તેમની વ્યારા ખાતે સારવાર ચાલુ હતી, આ દરમિયાન શુક્રવારે સાંજે 4:30 કલાકે તેમનું સારવાર દરમિયાન મરણ થયું હતું. આ અંગેની ફરિયાદ ભીખુભાઈ ઘનાભાઈ ચૌધરીએ વાલોડ પોલીસ સ્ટેશનમાં આપી હતી.

ભરૂચમાં ગુડ ફ્રાયડે નિમિત્તે ચર્ચોમાં વિશેષ પ્રાર્થના સભા યોજાઈ

ભરૂચ: ભરૂચ જિલ્લામાં ખ્રિસ્તી સમુદાય દ્વારા શુક્રવારે ગુડ ફ્રાયડેની ઉજવણી શ્રદ્ધા અને શાંતિપૂર્ણ માહોલમાં કરવામાં આવી હતી. આ અવસરે શહેર અને જિલ્લાના વિવિધ ચર્ચોમાં વિશેષ પ્રાર્થના સભાઓનું આયોજન કરાયું હતું, જેમાં મોટી સંખ્યામાં ખ્રિસ્તી અનુયાયીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગુડ ફ્રાયડેના પવિત્ર દિવસે પ્રભુ ઈસુ ખ્રિસ્તે માનવજાતનાં પાપોના નિવારણ માટે આપેલા બલિદાનને સ્મરણ કરવામાં આવે છે. આ દિવસે ઈસુ ખ્રિસ્તને ક્રુસ પર ચઢાવી યાતનાઓ આપવામાં આવી હતી, જેની સ્મૃતિમાં વિશ્વાસીઓએ ઉપવાસ રાખી પ્રાર્થના અને ભક્તિમાં સમય વિતાવ્યો હતો. ભરૂચ શહેરના એબેન એઝર મેથોડિસ્ટ ચર્ચ, બંબાખાના CNI ચર્ચ અને કેથલિક ચર્ચો સહિત અનેક ચર્ચોમાં વિશેષ પ્રાર્થના સભાઓ યોજાઈ હતી.

રહાડપોર ગામનો ખેપિયો દારૂ સાથે ઝડપાયો

ભરૂચ: ભરૂચ શહેરના પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન પોલીસે એક મોટી કાર્યવાહી કરી છે. બાતમીના આધારે પોલીસે રહાડપોરના રહેવાસી સાદીક સલીમ શેખ (ઉ.વ.30)ને ચાવજ ચોકડી પાસેથી લાલ-કાળા રંગની બેગ સાથે ઝડપી પાડ્યો હતો. તેની બેગ ચેક કરતાં ૫૪ ટીન બિયર મળતાં કુલ કિં.રૂ.૯,720નો મુદ્દામાલ કબજે કર્યો હતો. તેની પૂછપરછમાં કબૂલાત કરી હતી કે, તેણે મહારાષ્ટ્રના બોરીવલી ખાતેથી આ બિયર ખરીદી ભરૂચ વેચવા લાવ્યો હતો. પોલીસે એક ટીન FSL સેમ્પલ અને એક કંટ્રોલ સેમ્પલ માટે મોકલ્યાં છે. સી ડિવિઝન પોલીસે બુટલેગર સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી કરી છે.

અંકલેશ્વરમાં ફૂટપાથની કામગીરીમાં કોંગ્રેસના ગેરરીતિના આક્ષેપ, તપાસની માંગ

સુરેશ ગાંધી

અંકલેશ્વર: અંકલેશ્વર નગરપાલિકા હદ વિસ્તારમાં 3 રસ્તા સર્કલ નજીક ચાલી રહેલી ફૂટપાથની કામગીરીમાં ગેરરીતિ અને વેઠ ઉતારવામાં આવી રહી હોવાના વિપક્ષ દ્વારા ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. કોંગ્રેસના આગેવાન રફીક ઝઘડિયાવાલાએ આક્ષેપ કર્યો છે કે ફૂટપાથના કામમાં નબળી સામગ્રીનો ઉપયોગ થઈ રહ્યો છે. તેમણે જણાવ્યું કે નગર સેવા સદન દ્વારા ૩.5.50 કરોડના આઇકોનિક રોડની કામગીરી પહેલેથી જ સવાલોના ઘેરામાં છે. હાલમાં આ રોડ પર ફૂટપાથ બનાવવાની કામગીરી ચાલી રહી છે, જેમાં કોન્ટ્રાક્ટર દ્વારા માટી, પથ્થર અને પ્લાસ્ટિકના કચરા વડે પુરાણ કરવામાં આવ્યું છે. આ જાહેર નાણાંનો દુરુપયોગ હોવાની શંકા વ્યક્ત કરાઈ છે અને કોન્ટ્રાક્ટર સામે પગલાં ભરવાની માંગ કરવામાં આવી છે. આ અંગે અંકલેશ્વર નગર સેવા સદનના ચીફ ઓફિસર કેશવ ક્લોડિયાએ ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, આ બાબત ધ્યાને આવતા કોન્ટ્રાક્ટરને સૂચના આપી દેવામાં આવી છે. તેમણે ઉમેર્યું કે, માટીથી જે પુરાણ કરાયું છે તેને હટાવી લેવા આદેશ આપવામાં આવ્યા છે.

તરસાડીમાં દોડતી ટ્રકમાં આગ ચાલક-ક્લીનર કૂદતાં બચી ગયા

જીરુ ભરેલી ટ્રક લઈ પસાર થતી વેળા ધુમાડા બાદ આગ લાગી

ઇબ્રાહીમ કાનુ

હથોડા: તરસાડી નજીક ટ્રકની કેબિનમાં અચાનક આગ લાગતાં બિહામણા દૃશ્યો સર્જાયાં હતાં. આગ લાગતા સમયસૂચકતા વાપરીને ડ્રાઇવરે ટ્રકને સાઈડમાં ઊભી રાખી ટ્રકમાંથી ડ્રાઇવર અને ક્લીનર ઊતરી જતાં બચાવ થયો હતો.

કોસંબા પોલીસ મથકની હદમાંથી પસાર થતાં એક્સપ્રેસ વે પરથી જીરુ ભરેલી આર જે 19 જેજી 5431 નંબરની ટ્રક પસાર થતી હતી. ત્યારે ડ્રાઇવરની કેબિનમાંથી ધુમાડો નીકળતાં કંઈક અજૂગતું બન્યાનું ડ્રાઇવર જિતેન્દ્રસિંહ યાદવને જણાતાં તેણે સમયસૂચકતા વાપરી ટ્રકને સાઈડમાં ઊભી રાખી ટ્રકનો ડ્રાઇવર જિતેન્દ્રસિંહ અને ક્લીનર શિવાજી યાદવ નીચે ઊતરી પડ્યા હતા અને તરત જ ટ્રકની કેબિનમાં આગ લાગી હતી. જેથી ડ્રાઇવરે ટ્રકમાં રાખેલા અગ્નિશામક પંપ દ્વારા આગ ઓલવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સફળતા મળી ન હતી. આખરે ડ્રાઇવર-કંડક્ટરે નજીકમાં આવેલા તળાવમાંથી પાણી ભરી લાવી આગ ઓલવી હતી. આ બનાવ અંગે મોડી સાંજે કોસંબા પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ભયરવાડા બેઠક પર RO અને AROની નિમણૂક જ ભુલાઈ!

ચૂંટણી આયોગનો મોટો છબરડો, ફોર્મ ક્યાં ભરવા તે મુદ્દે ઉમેદવારોમાં મૂંઝવણ

ભયરવાડા બેઠક રાજકીય રીતે ખૂબ મહત્ત્વની, રાજકારણમાં ભારે ચર્ચા

આ એક ટેકનિકલ ક્ષતિ છે: ટીડીઓ

રાજપીપળા: ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની જાહેરાતની સાથે જ રાજ્ય ચૂંટણી આયોગની એક મોટી ગંભીર ટેકનિકલ ભૂલ સામે આવી છે. નર્મદા જિલ્લામાં ચૂંટણી પ્રક્રિયા શરૂ થાય તે પહેલા જ વહીવટી તંત્રની ગંભીર બેદરકારીને કારણે વિવાદ સર્જાયો છે. જિલ્લાની 2-ભયરવાડા તાલુકા પંચાયત બેઠક માટે ચૂંટણી અધિકારી (RO) કે મદદનીશ ચૂંટણી અધિકારી(ARO)ની નિમણૂક જ કરવામાં આવી નથી, જેના કારણે આ બેઠકનું ભવિષ્ય હવે અધ્ધરતાલ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર નર્મદા જિલ્લા પંચાયતની 22 અને 6 તાલુકા પંચાયતની 102 બેઠક માટે આયોગ દ્વારા અગાઉથી જ અધિકારીઓની નિમણૂક કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જો કે, જવાબદાર અધિકારીઓની ચૂકને કારણે 2-ભયરવાડા તાલુકા પંચાયત બેઠક માટે કોઈપણ જવાબદાર અધિકારીનું નામ જાહેર કરવામાં આવ્યું નથી.

આ બેઠકનું મહત્ત્વ એટલે પણ વધુ છે. કારણ કે, ગત ટર્મમાં આ બેઠક અનુસૂચિત આદિજાતિ મહિલા માટે અનામત હતી, જે આ વર્ષે બદલીને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (બક્ષીપંચ) માટે જાહેર કરવામાં આવી છે. ગત ચૂંટણીમાં આ બેઠક પરથી કોંગ્રેસના માજી ધારાસભ્યના પૌત્રવધૂ અને ભાજપના પૂર્વ ધારાસભ્યના સાળાની દીકરી વિજેતા બન્યાં હતાં. જેથી આ બેઠક રાજકીય રીતે ખૂબ મહત્ત્વની ગણાય છે. ટેકનિકલ રીતે જોતાં, જે બેઠક માટે કોઈ ચૂંટણી અધિકારી જ નક્કી ન હોય, ત્યાં ફોર્મ ભરવાની પ્રક્રિયાથી લઈને મતગણતરી સુધીની કામગીરી કોણ સંભાળશે તે મોટો પ્રશ્ન છે. આ ભૂલને કારણે સ્થાનિક રાજકારણમાં અનેક ચર્ચાઓએ જોર પકડ્યું છે.

આ ગંભીર છબરડા અંગે જ્યારે નાંદોદ તાલુકા વિકાસ અધિકારી પઠાણને પૂછવામાં આવ્યું ત્યારે તેમણે સ્વીકાર્યું હતું કે આ એક ટેકનિકલ ક્ષતિ છે. તેમણે જણાવ્યું હતું કે, 'અમે આ બાબતે રાજ્ય ચૂંટણી આયોગનું ધ્યાન દોર્યું છે અને ટૂંક સમયમાં આ પ્રશ્નનો ઉકેલ લાવી અધિકારીની નિમણૂક કરી દેવામાં આવે.

સાગબારામાં પત્નીની હત્યા કરનાર પતિને આજીવન કેદ

નર્મદા સેસન્સ કોર્ટનો ચુકાદો, દંડ પણ કર્યો

રાજપીપળા: સાગબારાના શાણીપુર ગામે બનેલી પત્નીની હત્યાની ઘટનામાં સેસન્સ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપી આરોપી પતિને આજીવન કેદની સજા ફટકારી છે.

શાણીપુરના રહેવાસી રામસિંહભાઈ પાદવી વારંવાર પોતાની પત્ની અરુણાબેન સાથે ઝઘડો કરતા હતા. બનાવની રાત્રે આરોપીએ ઉશ્કેરાઈ જઈ પોતાની પત્ની પર લોખંડના હથિયાર વડે હિંસક હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા અરુણાબેનનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું, જે અંગે મૃતકના પુત્ર ગણેશભાઈએ પિતા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આ કેસ નર્મદા જિલ્લા સેસન્સ જજ આર.ટી.પંચાલની કોર્ટમાં ચાલતા, સરકારી વકીલ વંદના ભટ્ટે ધારદાર દલીલો અને મજબૂત પુરાવા રજૂ કર્યા હતા. આંખે જોનારા સાક્ષીઓ, તબીબી રિપોર્ટ્સ અને હથિયાર જપ્તીના પંચનામાના આધારે આરોપી વિરુદ્ધ ગુનો સાબિત થયો હતો. કોર્ટે તમામ પાસાઓની ગંભીરતાને ધ્યાને રાખી આરોપી રામસિંહભાઈ પાદવીને આઈપીસી કલમ 302 મુજબ દોષિત ઠેરવી આજીવન સખત કેદ અને રૂ.5,000ના દંડની સજા ફટકારી છે. દંડ ન ભરે તો વધુ એક વર્ષની સાદી કેદનો હુકમ કરાયો છે. ન્યાયતંત્રના આ ચુકાદાથી સમાજમાં કડક સંદેશ ગયો છે.

યુસીસી બિલને 'કાળો કાયદો' ગણાવી ભરૂચમાં વિરોધ પ્રદર્શન

ભરૂચ: ભરૂચ શહેરમાં શુક્રવારે મુસ્લિમ સમાજ દ્વારા યુનિફોર્મ સિવિલ કોડ (UCC)ના કાયદાના વિરોધમાં કાળી પટ્ટી ધારણ કરી મૌન અને શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર ભરૂચની અમન મસ્જિદ, પાંચબત્તી, સ્ટેશનની મસ્જિદે નૂર તથા લુકમાન પાર્ક સ્થિત મસ્જિદ સહિત શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી મસ્જિદોમાં જુમ્માની નમાજ અદા કર્યા બાદ મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો એકઠા થયા હતા. આ સમયે ઉપસ્થિત લોકોએ પોતાના હાથ પર કાળી પટ્ટી બાંધી યુસીસી બિલને કાળો કાયદો ગણાવી સરકાર સામે પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. મુસ્લિમોએ ગુજરાત સરકાર આ વિવાદાસ્પદ બિલને તાત્કાલિક અસરથી રદ કરે તેવી માંગ બુલંદ કરી હતી. સમગ્ર વિરોધ પ્રદર્શન દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહી હતી અને કોઈ અનિચ્છનીય બનાવ બન્યો ન હતો. સ્થાનિક આગેવાનોએ આ અંગે જણાવ્યું હતું કે, આ વિરોધ પ્રદર્શન સંપૂર્ણપણે લોકશાહી ઢબે અને બંધારણીય હકના ભાગરૂપે કરવામાં આવ્યું છે અને આગામી દિવસોમાં પણ આ મુદ્દે યોગ્ય રજૂઆતો અને પગલાં લેવામાં આવશે.

કડોદરામાં છાતીમાં દુખાવો ઉપડ્યા બાદ આધેડનું મોત

પલસાણા: કડોદરામાં ૫૫ વર્ષીય આધેડનું અચાનક તબિયત લથડતા મોત થયું છે. કડોદરાના પલસાણા તાલુકામાં આવેલા જલારામ નગરના ઉમા ફ્લેટ્સમાં રહેતા સીતારામ નટવરલાલ શર્માને ગત ૨ એપ્રિલના રોજ બપોરે ૧૨:૪૫ વાગ્યાના અરસામાં અચાનક છાતીમાં તીવ્ર દુખાવો ઉપડ્યો હતો. તેમના પરિવારજનો તાત્કાલિક તેમને રીક્ષા મારફતે ચલથાણની સંજીવની હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ ગયા હતા. જોકે, હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબોએ તેમને તપાસીને મૃત જાહેર કર્યા હતા. આ અંગે મૃતકની પત્ની દર્શનાબેન શર્માએ પોલીસને જાણ કરી હતી. કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ એ.એસ. આઈ. યશપાલસિંહ મહિપાલભાઈને સોંપી છે.

ભગવો ધ્વજ ઉતારતાં હોબાળો મુસ્લિમ મહિલા સામે આક્રોશ

જીતાલીની સ્વીટ ડ્રીમ સિટી સોસાયટીમાં વીજપોલ પરથી ધ્વજ નીચે નાંખતાં ધાર્મિક લાગણી દુભાઈ

ભરૂચ: અંકલેશ્વરના જીતાલી ગામ સ્થિત સ્વીટ ડ્રીમ સિટી સોસાયટીમાં ભગવો ધ્વજ ઉતારી નાંખવાની ઘટનાને પગલે હિન્દુ સમાજની ધાર્મિક લાગણી દુભાતાં ભારે વિવાદ સર્જાયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર હનુમાન જયંતીના પવિત્ર પર્વ નિમિત્તે સોસાયટીમાં વિવિધ સ્થળોએ અને વીજપોલ પર ભગવા ધ્વજ લગાવવામાં આવ્યા હતા. દરમિયાન સોસાયટીમાં જ રહેતી એક મુસ્લિમ મહિલાએ વીજ થાંભલા પર ચઢી ધ્વજ નીચે ઉતારી જમીન પર ફેંકી દીધો હતો. આ ઘટના સમયે ત્યાંથી પસાર થતી એક મહિલાને પણ મુસ્લિમ મહિલાએ ટકોર કરી હોવાનું સામે આવ્યું છે. આ સમગ્ર ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં જ સ્થાનિક રહીશોમાં ઉગ્ર રોષ ફેલાયો હતો. સ્થાનિકોએ આક્ષેપ કર્યો હતો કે, ધ્વજ નીચે પાડીને તેને પગ તળે કચડવામાં આવ્યો છે, જે સીધી રીતે ધાર્મિક આસ્થા પર પ્રહાર છે. ઘટનાને પગલે સોસાયટીના રહીશ જગતસિંહ પરમાર સહિત મોટી સંખ્યામાં લોકોએ અંકલેશ્વર રૂરલ પોલીસ મથકે પહોંચી લેખિતમાં અરજી આપી કડક કાર્યવાહીની માંગ કરી હતી. મામલાની ગંભીરતાને જોતાં પોલીસ કાફલો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને શાંતિ જળવાઈ રહે એ હેતુથી બંદોબસ્ત ગોઠવી દીધો હતો. પોલીસે હાલ સીસીટીવી ફૂટેજ અને સ્થાનિકોની અરજીના આધારે સંબંધિત મહિલાની પૂછપરછ હાથ ધરી છે અને સોસાયટીમાં સુલેહ-શાંતિનો ભંગ ન થાય એ માટેના પ્રયાસો તેજ કર્યા છે.

ડેડિયાપાડામાં 'નંગ' પારખવાના બહાને વેપારી સાથે છેતરપિંડી

દુકાનદાર અન્ય કામમાં પરોવાયા અને ગઠિયો ઘરેણાં લઈ રફુચક્કર

ડેડિયાપાડા: ડેડિયાપાડા યાહામોગી ચોક પાસે આવેલા શ્રીજી વોચ સેન્ટર નામની ઘડિયાળની દુકાને બે અજાણ્યા ઈસમો નેઇલ કટર લેવાના અને દાગીના ચેક કરવાના બહાને દુકાનદારને ઠગી તેના રૂ.2.38 લાખનાં ઘરેણાં તફડાવીને પલવારમાં રફુચક્કર થઈ ગયા હતા.

ડેડિયાપાડા ખાતે શ્રીજી વોંચ સેન્ટર ચલાવતા 62 વર્ષીય હસમુખભાઈ રણછોડભાઈ પટેલે ડેડિયાપાડા પોલીસમાં આપેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા.2જી એપ્રિલના રોજ સવારે આશરે 11 વાગ્યાના આસપાસ એક શખ્સ દુકાનમાં આવ્યો અને નેઇલ કટર માંગ્યું. તેણે રૂ.50ની નોટ આપી અને ત્યારબાદ હસમુખભાઈએ હાથની વીંટી અને ગળાની ચેઈન તપાસવાના બહાને તે ઘરેણાં જોયાં અને એ ઈસમે કહ્યું કે તમારી આંગળીમાં પોખરાજ નંગની વીંટી છે. અને નંગ વિશે હું જાણું છું. તમે પહેરેલી સોનાની ચેઈન શંકાસ્પદ લાગે છે. જેથી મને કાઢી આપો તો કેટલા કેરેટનું સોનું છે એ જાણવા માટેનું સાધન છે એવી તરકટી વાતો કરી હતી. આથી તેઓએ દાગીના કાઢી આપ્યા. એ ઈસમ ચેક કરતો હતો અને અન્ય કામમાં લાગી ગયા હતા. જેથી પલવારમાં આ ઈસમ અચાનક ત્યાંથી ગાયબ થઈ ગયો હતો. હસમુખભાઈએ અચાનક જોતા ન દેખાતાં માહિતી મળી કે બહાર ઊભેલા અન્ય ઈસમ સાથે બંને જણા ભાગી છૂટ્યા હતા. બંને ઠગોએ ઠગાઈ ગયેલી વસ્તુઓમાં અડધા-અડધા તોલાની બે સોનાની વીંટી કિં. રૂ.59,195 અને એક ત્રણ તોલાની સોનાની ચેઈન કિં.રૂ.1,79,829 મળી કુલ રૂ.2,38,024 મત્તાનાં ઘરેણાં લઈ ગયા હતા. ડેડિયાપાડા પોલીસને બંને અજાણ્યા ઈસમની શરીરથી ઓળખ આપી સોનાનાં ઘરેણાં ચોરાયાં હોવાનો ગુનો નોંધવામાં આવ્યો છે. આસપાસનાં CCTV ફૂટેજ અને મોટરસાઇકલના નંબરની માહિતી એકત્ર કરવામાં આવી રહી છે.

ભરૂચમાં 14 વર્ષીય કિશોરી ગુમ, અપહરણની શંકા

ભરૂચ: ભરૂચ શહેરના મકતમપુર વિસ્તારમાંથી 14 વર્ષીય કિશોરી ગુમ થઈ ગયાની ઘટના સામે આવી છે. કિશોરી તા.૩જી એપ્રિલના રોજ રાત્રે અંદાજે ત્રણ વાગ્યે કોઈને કંઈ કહ્યા વિના તેના મામાના ઘરેથી નીકળી ગઈ હોવાની પ્રાથમિક માહિતીમાં પોલીસને આપી હતી.

કિશોરીની માતાએ ભરૂચ સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં FIRમાં જણાવ્યું હતું કે, 14 વર્ષ 5 મહિના અને 4 દિવસની તેમની કિશોરી છેલ્લા એક મહિનાથી મકતમપુર ખાતે તેના મામાને ઘરે રહેતી હતી. ઘટનાની રાત્રે તેની દાદી કિશોરીને ઘરે ન જોતાં તેની માતાને ફોન કરી જાણ કરી હતી.

સગાં-સંબંધીઓ અને મિત્રોને તપાસ્યા બાદ પણ કિશોરીનો કોઈ સુરાગ મળ્યો નથી. પરિવારજનોએ ભરૂચ રેલવે સ્ટેશન, બસ સ્ટેશન અને નર્મદા નદીના કાંઠા વિસ્તારમાં શોધખોળ કરી, પરંતુ કોઈ પત્તો લાગ્યો ન હતો. કિશોરીની ઓળખ આપી છે. કિશોરી ન હોવાથી માતાએ પોલીસને જણાવ્યું છે કે, કોઈક અજાણ્યા ઈસમ સામે કિશોરીના કાયદેસર અપહરણ કરી ગયા હોવાની શંકા છે. પોલીસે અપહરણનો ગુનો નોંધીને તપાસ આદરી છે.

તાતીથૈયામાં ૧૩ વર્ષીય કિશોરીએ ફાંસો ખાધો

પલસાણા: તાતીથૈયા ગામે આવેલ મુકેશભાઈની બિલ્ડીંગના રૂમ નંબર ૧૬માં રહેતા કનૈયાલાલની પુત્રી નેહા (ઉ.વ.૧૩)એ ગત તારીખ ૨/૪/૨૦૨૬ના રોજ સાંજે ૬ વાગ્યા પહેલા રૂમનો દરવાજો બંધ કરી પ્લાસ્ટિકની ખુરશી પર ચડી ઓઢણીથી ફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. મૃતકનો પરિવાર મૂળ ઉત્તરપ્રદેશના જાલોનનો વતની છે.

નેત્રંગ-રાજપારડી રોડ પર દારૂ ઝડપાયો, બુટલેગર ફરાર

નેત્રંગ: નેત્રંગ પોલીસ મથકનો સ્ટાફ ૩ એપ્રિલના રોજ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. દરમિયાન બાતમી મળી હતી કે ભોટનગર તરફથી એક સ્કૂટર ચાલક વિદેશી દારૂ લઈ નેત્રંગ આવી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે ભક્ત હાઈસ્કૂલ પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન શંકાસ્પદ મોપેડ નં.(GJ-16-DM-3049) આવતાં પોલીસે તેને અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, ચાલક પોલીસને જોઈને નાસી છૂટ્યો હતો અને અમરાવતી બ્રિજ પાસે પોતાનું સ્કૂટર ફેંકી અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયો હતો. પોલીસે તપાસ કરતાં સ્કૂટરમાંથી વિદેશી દારૂના ૪૭ નંગ કોટરિયા મળી આવ્યા હતા, જેની અંદાજિત કિંમત રૂ.૧૨,૯૫૦ થાય છે. પોલીસે મુદ્દામાલ જપ્ત કરી સ્કૂટર ચાલક રોશન સુકલભાઈ વસાવા (રહે.,કપાટ, ઝઘડિયા) વિરુદ્ધ ગુનો નોંધી તેને વોન્ટેડ જાહેર કર્યો છે અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

તિલકવાડામાં 10 રૂ. ન આપતાં વૃદ્ધની ગળું દબાવીને હત્યા

ભાદરવા ગામના ઝાપા પાસે કરિયાણું લઈને આવતા વૃદ્ધ પર 'ધમા'નું અધમ કૃત્ય

રાજપીપળા: તિલકવાડા તાલુકાના ભાદરવા ગામે માત્ર 10 રૂપિયા જેવી નજીવી રકમ માટે એક યુવકે વૃદ્ધની ગળું દબાવી અને છાતીના ભાગે લાતો મારી નિર્મમ હત્યા કરી નાંખતાં સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ભાદરવા ગામ ટેકરા ફળિયામાં રહેતા ભરતભાઈ બાબુભાઈ તડવીના પિતા રાજેશભાઈ ધનજીભાઈ તડવી સવારના સમયે સ્ટેશન વિસ્તારમાંથી કરિયાણું લઈને ઘરે પરત ફરી રહ્યા હતા. ગામના ઝાપા પાસે રોડ પર પહોંચતાં જ ગામના જ રહેવાસી ધર્મેશભાઈ ઉર્ફે ધમો ગણપતભાઈ તડવીએ તેમની પાસે વાપરવા માટે 10 રૂપિયાની માંગણી કરી હતી. રાજેશભાઈએ પૈસા આપવાની ના પાડતાં ઉશ્કેરાયેલા ધર્મેશ તડવીએ વૃદ્ધ સાથે ઝપાઝપી કરી તેમને જમીન પર પાડી દીધા હતા. નજરે જોનારા સાક્ષીઓના જણાવ્યા મુજબ, આરોપી ધર્મેશ એટલો હિંસક બન્યો હતો કે તેણે રાજેશભાઈની છાતીના ભાગે આડેધડ લાતો મારી હતી અને ગળા પર પગ મૂકી દબાવી દીધો હતો. ગંભીર ઈજાઓ અને ગૂંગળામણને કારણે વૃદ્ધનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. આ સમયે ફરિયાદી ભરતભાઈ અન્ય ગામે બેસણામાં ગયા હતા, જ્યાં તેમના પુત્ર રોહિતે ફોન પર આ હુમલાની જાણ કરી હતી. જ્યારે તેઓ ભાદરવા પહોંચ્યા ત્યારે ગામના જીવાભાઈ ભયજીભાઈના વાડા સામે રોડ પર પિતાની લાશ સફેદ કફનમાં વીંટાળેલી જોવા મળી હતી. ઘટના સ્થળે ઊમટી પડેલા ગ્રામજનોમાં રોષ જોવા મળ્યો હતો.

Milano MULTIPLEX
બારડોલી
Dhurandhar
The Revenge
11:00am, 12:00pm,
01:00pm, 03:30pm,
04:30pm, 05:15pm,
08:00pm, 09:00pm,
09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333